આપણું પોતાનું અખબાર

પતન માટે કેવળ ઇચ્છા જોઇએ, ઉત્કર્ષ માટે ઇચ્છા અને સાધન બંને જોઇએ - ગાંધીજી

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૬૭ | ૨૭ ઓગષ્ટ, ૨૦૧૩, મંગળવાર; શ્રાવણ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સે. ૨૧માં ભરબપોરે કરપીણ હત્યા

## સેક્ટર-૨૧ના પેટ્રોલપંપ પર બે સગા ભાઈઓએ જુની અદાવત રાખી યુવક મહેન્દ્ર રાવળને પેટમાં છરાના પાંચ ઘા ઝીંકી દીધા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સે. ૨૧ પેટ્રોલ પંપ પર આજે ધોળા દિવસે પેટ્રોલ પંપમાં નોકરી કરતા રાંધેજાના સગા ભાઈઓએ જૂની અદાવતે ગેસ પુરાવવા આવેલા ધોળાકુવાના એક યુવકની છરાના પાંચ ઘા ઝીંકી કરપીણ હત્યા કરી નાખતા ભારે સનસનાટી મચી જવા પામી હતી. ઘાયલ યુવકનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. આ મામલે સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસે મળેલી માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧માં આવેલા પેટ્રોલપંપ પર રાંધેજા ગામના રાવળ પરિવારના બે સગાભાઈ પ્રકાશ ચંદુભાઈ રાવળ અને સુનીલ ચંદુભાઈ રાવળ છેલ્લા ઘણા સમયથી નોકરી કરે છે અને થોડા વખત પહેલા આ બન્ને ભાઈનો ધોળાકુવાના મહેન્દ્ર ગોકુળ રાવળ (ઉં.વ. ૩૫) સાથે નજીવી બાબતે બોલાચાલી થતા ઝઘડો થયો હતો અને બાદ મામલો થાળે પડી ગયો હતો પરંતુ આજે બપોરે ધોળાકુવાનો યુવક મહેન્દ્ર ગોકુળ રાવળ રીક્ષામાં ગેસ ભરાવવા સે. ૨૧ પેટ્રોલ પંપે આવ્યો હતો જ્યાં જુની અદાવતને પગલે આવેશ અને ખુન્નસમાં આવી ભરચક પેટ્રોલ પંપમાં ધારદાર છરા વડે રાવળ ભાઈઓએ મહેન્દ્રના પેટના ભાગે પાંચ ઘા ઝીંકી કરપીણ હત્યા કરી દીધી હતી અને લોહીલુહાણ હાલતમાં મહેન્દ્રને મુકી નાસી છૂટ્યા હતા. બાદમાં ઘાયલ યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો જ્યાં તેની હાલત વધુ નાજુક જણાતા તુરત અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન યુવકનુ કરૂણ મોત નિપજ્યું હતું. આ સનસનાટીભરી ઘટનાને પગલે સેક્ટર-૨૧ વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ મામલે સે. ૨૧ પોલીસે ઘટના સ્થળે આવી ગુનો નોંધ્યો હતો. જે અંગે સે. ૨૧ પોલીસમથકના સિનિયર પી.આઈ. મીની જોસેફે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.




# રોગચાળો-સફાઈના મુદ્દા સ્થાયી સમિતિમાં છવાયા

### રોગચાળાને નાથવા તંત્રએ કામગીરી સઘન બનાવી છે અને સફાઈ અભિયાન પણ તેજ બનાવવાની હૈયાધારણ આપતા કમિશ્નર : સ્થાયી સમિતિમાં લગભગ તમામ કામો મુલ્તવી રખાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં ઉભી થયેલી રોગચાળાની સ્થિતિ તેમજ સફાઈના મુદ્દાઓ આજે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં છવાયેલા રહેવા પામ્યા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે ચેરમેન શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. આ બેઠકમાં સે. ૨૧માંથી ફ્રુટ સલાડમાંથી નીકળેલા દેડકાની ઘટનાને લઈ ચર્ચાનો આરંભ થયો હતો.

બેઠકમાં કોંગી સભ્યો મીના બા વાઘેલા, નામદેવ વરસાત અને શૈલેન્દ્રસિંહ બિહોલાએ આ મુદ્દો ઉપસ્થિત કરી શહેરમાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ વણસી રહી હોવાની તેમજ શહેરની સ્વચ્છતાનો મુદ્દો છેડી ગ્રામ્ય વિસ્તારમાં અભિયાન છેડવા માંગ કરી હતી.

મ્યુનિ. કમિશ્નર શ્રી લલિત પાડલિયાએ જણાવ્યુ હતુ કે રોગચાળાની પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે તંત્ર કામે લાગ્યું છે. આ રોગચાળામાં મચ્છરોની ઉત્પત્તિના કેન્દ્રો કેવા હોય છે તેને લઈ તેમણે વિસ્તૃત વાત કરી જન જાગૃતિ અભિયાન તંત્ર દ્વારા જે છેડવામાં આવ્યુ છે તેમાં ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે તેમને પણ સહકાર આપવા જણાવ્યુ હતુ.

ફ્રુટસલાડમાંથી નીકળેલા દેડકાની ઘટના અંગે તેમણે જણાવ્યુ હતુ કે ઘટનાને તંત્રએ ગંભીરતાથી લીધી છે એટલુ જ નહિ બિન આરોગ્યપ્રદ ખાદ્યચીજોનું વેચાણ કરનારાઓ સામે પગલાં લેવામાં આવશે એવો સ્પષ્ટ સંકેત તેમણે આપ્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે ભેળસેળ વિરોધી તંત્ર અને કોર્પોરેશનનું ફૂડ સેફ્ટી સેલ આ અંગે સંયુક્ત રીતે કાર્યવાહી સઘન રીતે હાથ ધરે તે માટેની સૂચનાઓ પણ આપી દેવામાં આવી છે.

સફાઈના મુદ્દે પણ ધીમી ગતિએ પણ નક્કરતાપૂર્વક આગળ વધી રહ્યાનું જણાવતાં કમિશ્નરશ્રીએ

● અનુસંધાન પાન-૭ પર

**Wanted**

- **Back Office Executive - 2**
  Computer knowledge must
- **Field Executive - 2**
  own two wheller compulsurry

Come with full Bio-data on - 29/8/2013 between 5-00 to 7-00 at
Plot No. 292, Office No. 206, Shreenath Complex, Nr. 17/22, Sector-22, Gandhinagar.







